L09001001124o
Sender Name: Jt. MD Sir
Received Date 10/04/2020

ક્રમાંકઃ જીઆઇડીસી/વ.ક/ પ્રિ-વિતરણ/
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા. /૦૪/૨૦૨૦

**વિષયઃ- નિગમ ધ્વારા જારી કરવામાં આવેલ ફાળવણીપત્ર, કરવાના થતા કરારખત તથા પઝેશન એડવાઇઝ તેમજ પ્લોટ ફાળવણી માટે મળેલ નવી અરજી સંદર્ભે સમયમર્યાદા વધારી આપવા બાબત.**

## // <u>પરિપત્ર</u> //

નિગમ ધ્વારા પ્લોટ ફાળણવી માટે મળતી નવી ઓનલાઇન અરજીઓ સંદર્ભે જારી કરવામાં આવેલ ફાળવણીપત્રો, પ્લોટ ફાળવણી માટે મળેલ નવી અરજી અન્વયે જમા કરાવવાના થતા સાધનિક દસ્તાવેજી પૂરાવા, ફાળવણીપત્ર જારી કર્યા બાદ કાર્યાન્વિત કરવાના થતા કરારખત અને પઝેશન એડવાઇઝ જારી કર્યા બાદ પ્લોટના પ્રત્યક્ષ કબજો લેવા સંદર્ભે જરૂરી સમયમર્યાદા નક્કી કરવામાં આવેલ છે. પરંતુ પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લઇ, નિગમ ધ્વારા પ્લોટ વિતરણ સંદર્ભે અને કબજો સંભાળ્યા પહેલાં થતા હુકમો/ફાળવણીપત્રોની પૂર્તતા કરવા બાબતે નીચે મુજબની માર્ગદર્શિકા જાહેર કરવામાં આવે છે.

- જે કિસ્સાઓમાં પ્લોટ ફાળવણી માટે તા.૦૧/૦૩/૨૦૨૦ કે ત્યારબાદ મળેલ ઓનલાઇન અરજીઓ સંદર્ભે જમા કરાવવાના થતાં સાધનિક દસ્તાવેજી પૂરાવા ઓનલાઇન અરજી કર્યાના દિન-૩૦ કે તા.૩૦/૦૬/૨૦૨૦ (બંનેમાંથી જે મોડું થાય તે) સુધીમાં સંબંધિત ક્ષેત્રિય કચેરીએ જમા કરી શકશે.
- જે કિસ્સાઓમાં તા.૦૧/૦૧/૨૦૨૦ કે ત્યારબાદ જારી કરવામાં આવેલ ફાળવણીપત્રો પરત્વે ઓફર રકમ જમા કરાવવા બાબત તેમજ કરારખત કાર્યાન્વિત કરવા બાબતે ફાળવણીપત્રની શરતમાં કરવામાં આવેલ ઉલ્લેખ મુજબ અથવા તા.૩૦/૦૬/૨૦૨૦ (બંનેમાંથી જે મોડું હોય તે) સુધીમાં સંબંધિત ક્ષેત્રિય કચેરીએ પૂર્તતા કરી શકશે તેમજ તે અન્વયે ક્ષેત્રિય કચેરી ધ્વારા ડીલે ઇન્ટ્રેસ્ટ વસુલ કરવાનો રહેશે નહિં. જે કિસ્સાઓમાં અગાઉ ફાળવણીપત્રની સમયમર્યાદા વધારી આપવામાં આવેલ હોય તથા ડીલે ઇન્ટ્રેસ્ટ વસૂલ કરવામાં આવેલ હોય તેવા કિસ્સાઓમાં અન્ય કોઇ કાર્યવાહી કરવાની રહેશે નહિ.

Scanned with CamScanner

- જે કિસ્સાઓમાં તા.૦૧/૦૧/૨૦૨૦ કે ત્યારબાદ જારી કરવામાં આવેલ ફાળવણીપત્રો પરત્વે ફાળવણીદાર ધ્વારા ઓફર રકમ નિગમમાં જમા કરાવી દીધેલ હોય પરંતુ કરારખત કાર્યાન્વિત કરવાની/કરારખત જમા કરાવવાની સમયમર્યાદા તા.૩૦/૦૬/૨૦ સુધીની રહેશે.
- જે કિસ્સાઓમાં ૦૧/૦૩/૨૦૨૦ કે ત્યારબાદ જારી કરવામાં આવેલ ફાળવણીપત્રો પરત્વે ક્ષેત્રિય કચેરી ધ્વારા પઝેશન એડવાઇઝ જારી કરી દેવામાં આવેલ હોય પરંતુ ફાળવણીદાર ધ્વારા પ્લોટનો પ્રત્યક્ષ કબજો લીધેલ ન હોય તો તેવા કિસ્સાઓમાં પઝેશન એડવાઇઝ જારી કર્યાની શરતો મુજબ અથવા તા.૩૦/૦૬/૨૦૨૦ (બંનેમાંથી જે મોડું હોય તે) સુધીમાં પ્લોટનો પ્રત્યક્ષ કબજો લેવાનો રહેશે.

સંયુકત વહીવટી સંચાલક
જીઆઇડીસ, ગાંધીનગર

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

**નકલ જયભારત સહ રવાના:-**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) જ.મે.શ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

Scanned with CamScanner